## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ, રખડતા ઢોરની સમસ્યાનો ઊકેલ મળી ગયો... આ એક ચિત્તો લાવ્યા છીએ`વા ઘણા બધા લાવી દેવાના...




દહેગામ વન વિભાગ દ્વારા વન્ય પ્રાણી સંરક્ષણ સપ્તાહની ઉજવણી નિમિત્તે શ્રી ગાયત્રી વિધામંદિર, લીહોડા ખાતે ફોરેસ્ટર સુનીલભાઈ દ્વારા વિદ્યાર્થીઓને વ્યાખ્યાન આપવામાં આવ્યું તેમજ ચિત્રસ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનુ આયોજન કરી વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

# શેરથા ટોલટેક્ષ પાસેથી ટ્રકમાંથી વિદેશી દારુની ૩૬૦ પેટી ઝડપી પાડી

### એલસીબી-૨ એ બટાકાની આડમાં અમદાવાદ લઈ જવાતો ૧૧૦૦ બોટલ દારૂનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૯

અડાલજ નજીક શેરથા ટોલટેક્ષ પાસેથી ટ્રકમાં બટાકાની આડમાં લઈ જવાતો વિદેશી દારુનો જંગી જથ્થો ઝડપી પાડી એલસીબી-૨ પોલીસે દારૂની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. પોલીસે વિદેશી દારૂ-બિયરની કુલ ૩૬૦ પેટી, મોબાઈલ તેમજ ટ્રક સહિત રૂ.૨૫.૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ પોલીસની ટીમ અડાલજ પાસે પેટ્રોલીંગમાં હતી. તે સમયે એચ.પી.પરમારને બાતમી મળી હતી કે મહેસાણા તરફથી એક સફેદ ટ્રક નં.જી.જે.૧૫.એ.ટી.-૬૮૦૫ માં ગેરકાયદેસર વિદેશી દારૂનો જથ્થો કલોલ થઈ અમદાવાદ તરફ જઈ રહ્યો છે. જેથી એલસીબી-૨



ની ટીમના પીએસઆઈ ડી.ડી.ચાવડાએ શેરથા ટોલટેક્ષ પાસે વોચ ગોઠવી હતી. તે સમયે બાતમીવાળી ટ્રક દેખાતા વાહનોની આડશ કરી રોકી લેવામાં આવી હતી. પોલીસે ટ્રક ડ્રાઈવર કમારામ ભીખારામ ચૌધરી (રહે. ગામ વાડેલી પોસ્ટ- વેંલોગરી તાજી.- શિરોહી રાજસ્થાન) ની પુછપરછ કરી ટ્રકમા ંતપાસ કરતા સડેલા બટાકાની આડમાં કોથડા નીચે વિદેશી દારુની પેટીઓ સંતાડી હતી. પોલીસે એલસીબી કચેરી લાવી દુર્ગંધ મારતા બટાકાના કોથળા નીચે ઉતારી દારૂની પેટીઓની ગણતરી કરતા ૩૬૦ મળી આવી હતી. પોલીસે કુલ ૧૧૦૦ બોટલ દારુ બિયરનો જથ્થો પકડી પાડી દારુના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પોલીસે કમારામની પુછતાછ કરતા તેણે આ દારૂનો જથ્થો વનારામ સવાજી દેવાંશીએ ભરી આપ્યો હતો. જયારે નાના ચિલોડા પહોંચીને વનારામને કોલ કરવાનો હતો. જો તે દારુનો જથ્થો અમદાવાદ પહોંચે તે પહેલા જ એલસીબી-૨ એ રસ્તામાં જ પકડી પાડી રૂ.૧૫.૩૦ લાખનો દારુ, મોબાઈલ, ટ્રક મળીને કુલ રૂ.૨૫.૪૦ લાખનો મુદ્દામાલ પકડી પાડી બે શખ્સો સામે ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.

## અંબોડ ત્રણ રસ્તા પાસેથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૯

રાજયના બનાસકાંઠા જિલ્લાના ધાનેરા પોલીસ મથકના છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને ગાંધીનગરના અંબોડ ત્રણ રસ્તા પાસેથી એસઓજી પોલીસે પકડી પાડ્યો હતો. પોલીસે આરોપીને ધાનેરા પોલીસ મથકનો સોંપવા માટેની કાર્યવાહી હાથ ધરી છે.



સુત્રો દ્વારા મળતી વિગત મુજબ જિલ્લા પોલીસવડા દ્વારા તા.૧ થી ૧૫ ઓકટોબર દરમિયાન નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે.

ત્યારે માણસા પોલીસ મથક વિસ્તારમાં એસઓજીની ટીમ પેટ્રોલીંગમા હતી તે સમયે ખાનગી રાહે બાતમી મળી હતી કે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા પોલીસ મથકના પ્રોહીના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો આરોપી જયવીરસિંહ કનકસિંહ ચાવડા (રહે આનંદપુરા અંબોડ) હાલ અંબોડ ત્રણ રસ્તા પાસે આવનાર છે. જેથી એસઓજી પોલીસે બાતમીવાળા શખ્સને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ઈસનપુર મોટા થી ચિલોડા માર્ગ પર

## ટ્રેકટરની પાછળ બાઈક ટકરાતા ચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૯

ઈસનપુર મોટા ગામની સીમમાં સાંજના સમયે ઉભા રહેલા ટ્રેકટરની પાછળ બાઈક ટકરાતા ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જયારે ઈજાગ્રસ્તનું સારવાર દરમિયાન ગાંધીનગર સિવિલમાં મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મહુંધરા ગામના મેસરીયા વાસ ખાતે રહેતા વિનુભાઈ રામજીભાઈ મેસરીયા પોતાનું બાઈક નં. જી.જે.૧૮.સી.જી.-૦૯૮૪ દહેગામ થી મહુંધરા ઘરે આવવા માટે નીકળ્યા હતા. તે સમયે ઈસનપુર મોટા થી ચિલોડા તરફ જતા માર્ગ ઈસનપુર ગામની સીમમાં રોડ પસાર કરતા હતા. તે સમયે રોડની બાજુમાં ઉભેલા ટ્રેકટરની પાછળના ભાગે બાઈક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ટકરાતા વિનુભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા.જયાં સારવાર દરમિયાન વિનુભાઈ મેસરીયાનું અવસાન થયું હતું. પરિવારના સભ્યોને જાણ થતા તેઓ પણ ગાંધીનગર સિવિલ આવી પહોંચ્યા હતા. પરિવારના મોભીના અચાનક અવસાનથી શોકનું વાતાવરણ સર્જાયું હતું. બનાવ અંગે મૃતકના દિકરાની ફરીયાદ નોંધી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગાંધીનગર જિલ્લા પંચાયત કટ પાસે જયુપીટર-ટુ વ્હીલર વચ્ચે અકસ્માત

### રાજભવન ખાતે ફરજ બજાવતા પોલીસ અધિકારીને ઈજા પહોંચતા ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૯

શહેરના ચ માર્ગ પર સાંજના સમયે અજાણ્યા ટુ-વ્હીલર ચાલકે પોતાનું વાહન બેદરકારી પુર્વક હંકારી સાઈડ બતાવ્યા વિના વળાંક લેતા જયુપીટર સાથે ટકરાતા અકસ્માત સર્જાયો હતો.જેમાં જયુપીટરથી પોલીસ અધિકારી નીચે પડી જતા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જયારે હાલ પોલીસ અધિકારી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૩ એ પ્લોટ નં.૧૫૫ ખાતે અમૃતભાઈ ડાહ્યાભાઈ લેઉવા પોતાના પરિવાર સાથે રહે છે. તેઓને બે દિકરા અને એક દિકરી છે. જેમાં મોટો દિકરો ભાવેશ, નાનો દિકરો જીગ્નેશ અને દિકરી સંગીતાનો સમાવેશ થાય છે. નાનો દિકરો જીગ્નેશ પરિવાર સાથે સેકટર-૩ એ ખાતે રહે છે. જયારે જીગ્નેશ પીઆઈ તરીકે રાજભવન ખાતે ફરજ બજાવે છે. જયારે આવન-જાવન માટે જયુપીટર નં.જી.જે.૧૮.સી.કે.૨૧૧૦ નો ઉપયોગ કરે છે. ગત શુક્રવારના રોજ સાંજના સમયે જયુપીટર લઈનો જીગ્નોશભાઈ બહેન સંગીતાને મુકવા માટે એસટી ડેપો ગયા હતા. ત્યારબાદ જીગ્નેશભાઈ કામઅર્થે ચ માર્ગ પર સચિવાલય ગેટ નં-૬ પસાર કરી જિલ્લા પંચાયત જવાના કટ પાસે એક અજાણ્યા ટુ વ્હીલર ચાલકે સાઈડ સિગ્નલ બતાવ્યા વિના એકદમ વળી જતા જીગ્નેશભાઈના જયુપીટરને ટક્કર વાગી હતી. જેથી જીગ્નેશભાઈ નીચે પડી જતા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જયારે અકસ્માત સર્જી ટુ વ્હીલર ચાલક જતો રહ્યો હતો. જયારે જીગ્નેશભાઈ ઈજા પહોંચી હોવા છતા જયુપીટર લઈ ઘરે ગયા હતા. જયારે ઈજાગ્રસ્ત પોલીસ અધિકારીને નજીકની હોસ્પિટલમાં લઈ જતા માથાના ભાગે હેમરેજનું નિદાન થયું હતું. જેથી હાલ પોલીસ અધિકારી ઈજાગ્રસ્ત હાલતમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જયારે બનાવ અંગે અમૃતભાઈની ફરીયાદ નોંધી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ધોળાકુવા રક્ષાશકિત સર્કલ પાસેથી લોખંડની ગડરો-પાઈપોની ચોરી

### મેટ્રો રેલની કામગીરીનો સામાન ઈકોમાં ચોરી કરી ફરાર

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના ધોળાકુવા થી રક્ષાશકિત સર્કલ પાસે મેટ્રો રેલની જગ્યામાંથી રાત્રીના દોઢ વાગે ઈકો કારમાં આવેલા શખ્સો ૧૫ લોખંડની ગડરો, ૪૫ પાઈપો અને ૩૦ કિલો વજનના લોખંડના ફર્મા મળી કુલ રૂ.૫૫ હજારથી વધુની ચોરી કરી પલાયન થઈ ગયા છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ખાતે રહેતા અશોકભાઈ બ્રહ્મભટ્ટ છેલ્લા દશ વર્ષથી પાર્થ સિકયુરીટી એજન્સી ચલાવે છે.જયારે હાલના સમયે ધોળાકુવા ખાતે મેટ્રો કંપનીમાં કામ કરતી રણજીત બિલ્ડકોન કંપનીમાં પાર્થ સિક્યુરીટીના રાત દિવસ કુલ-૩૫ કર્મચારીઓ ફરજ બજાવે છે. ત્યારે મેટ્રો કંપનીના ધોળાકુવા રક્ષાશકિત સર્કલ પાસે આવેલા મેટ્રો લાઈનના થાંભલા પી.૧૧-૧૪ અને પી.૧૧-૧૫ વચ્ચે ભાગે થી લોખંડની ગડરો-પાઈપોની ચોરી કરી ઈકો ગાડી નં.જી.જે.૨૭.એકસ.-૭૦૬૦માં કેટલાક શખ્સો ભાગી ગયા છે. બનાવની જાણ થતા અશોકભાઈ ધોળાકુવા ખાતે દોડી આવ્યા હતા.તે સમયે સુપરવાઈઝર દિપક અને ગાર્ડ કરણ હાજર હતા. તેમની પુછપરછ કરતા ગાર્ડે જણાવ્યું હતું કે રાત્રીના પેટ્રોલીંગમાં હતા તે સમયે ઈકો ગાડીમાં કેટલાક શખ્સો મેટ્રોના લાઈન વચ્ચે પડી રહેલા સામાનની ચોરી કરતા જણાતા દુરથી હોહા કરી હતી. જેથી તેઓ ઈકો લઈને ભાગી જતા સુપરવાઈઝરે પીછો કર્યો હતો. જેથી ગાડી ચાલક ગભરાઈ જતા ગાડી ઘ-૨ સર્કલ ડીવાઈડર સાથે ટકરાઈને ઉભી થઈ ગઈ હતી.રણજીત બિલ્ડકોનના સુપરવાઈઝરના કહેવા મુજબ ૧૫ લોખંડની ગડરો,વજન-૩૭૦ કિં.ગ્રામ. કિં.૨૫,૯૦૦ તેમજ લોખંડની પાઈપ નંગ-૪૫ તેનું વજન ૩૧૫ કિં.ગ્રામ. તેમજ રૂ.૪ હજારના ૩૦ કિલો ગ્રામ મળી કુલ રૂ.૫૫,૧૦૦ ની મત્તાની ચોરી થતા હોહા મચી જવા પામી હતી. જો કે ઈકો ટકરાતા પોલીસને જાણ કરતા પોલીસ આવી પહોંચતા ગાડીમાં રહેલા શખ્સોને પોલીસ મથકે લઈ જવાયા હતા.




માનનીય વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** દ્વારા
જામનગર ખાતે **₹ ૧૪૪૮ કરોડ**ના વિવિધ પ્રકલ્પોના **ખાતમુહૂર્ત** અને **લોકાર્પણ**

તારીખ : ૧૦-૧૦-૨૦૨૨ • સમય : સાંજે ૪-૦૦ વાગે • સ્થળ : પ્રદર્શન ગ્રાઉન્ડ, જામનગર

**સૌની યોજના લીંક-૩/પેકેજ-૭નું લોકાર્પણ**
₹ ૭૨૯.૧૫ કરોડના ખર્ચે આશરે ૧૦૪.૧૬ કિ.મી. લંબાઈની પાઈપલાઈનથી કુલ-૧૧ જળાશયો જોડીને ૧,૨૦,૦૦૦ થી વધુ લોકોને પીવાના પાણીનો તથા આશરે ૭૧,૯૬૭ એકર વિસ્તારને સિંચાઈનો ફાયદો

**હરિપર ૪૦ મેગાવોટ સોલાર પી.વી. પ્રોજેક્ટનું લોકાર્પણ**
₹ ૧૭૬.૮૯ કરોડના ખર્ચે ઉત્કૃષ્ટ ઈજનેરી તકનીકની મદદથી ૪૦ મેગાવોટની ક્ષમતા ધરાવતો ફોટો વોલ્ટીક સોલાર પ્રોજેક્ટ

**સૌની યોજના લીંક-૧/પેકેજ-૫નું લોકાર્પણ**
₹ ૩૧૪.૬૯ કરોડના ખર્ચે આશરે ૬૬ કિ.મી. લંબાઈની પાઈપલાઈનથી કુલ-૧૦ જળાશયો જોડીને ૬૫,૦૦૦ થી વધુ લોકોને પીવાના પાણીનો તથા આશરે ૩૧૮૪૩ એકર વિસ્તારને સિંચાઈનો ફાયદો

**કાલાવડ જૂથ સુધારણા પાણી પુરવઠા યોજનાનું ખાતમુહૂર્ત**
₹ ૩૯.૨૪ કરોડના ખર્ચે કાલાવડ તથા જામનગર તાલુકાના કુલ-૧૦૯ ગામોની ૧,૭૪,૦૦૦ થી વધુ લોકોને પીવાના પાણીના લાભો



**મોરબી-માળીયા-જોડિયા જૂથ સુધારણા પાણી પુરવઠા યોજનાનું ખાતમુહૂર્ત**
₹ ૨૪.૭૪ કરોડના ખર્ચે જોડિયા, ધ્રોલ અને મોરબી તાલુકાના કુલ-30 ગામોની ૩૯,૦૦૦ જેટલી વસ્તીને પીવાના પાણીના લાભો

**લાલપુર બાયપાસ તથા હાપા માર્કેટિંગ યાર્ડ રેલવે ઓવરબ્રિજનું ખાતમુહૂર્ત**
₹ ૧૦૭ કરોડના ખર્ચે બન્ને ઓવરબ્રિજ બનવાથી જામનગર શહેરની ટ્રાફિક સમસ્યાનું તથા અકસ્માતનું નિવારણ

**અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્ક તથા પમ્પીંગ મશીનરી રિફર્બીસ્ડ વર્ક (૪-કમ્પોનન્ટ)નું ખાતમુહૂર્ત**
₹ ૫૬ કરોડના ખર્ચે હયાત પમ્પીંગ સ્ટેશનોના નવીનીકરણ થકી ૧૫,૦૦૦ મકાનોને ભૂગર્ભ ગટરની સુવિધા